# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 13-01-2026** **MIDDAY: 1.20 TO 1.30**
**Day : TUESDAY** **National News**

આકાશવાણી સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

***************************************************

1) કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કહ્યું, ભારત ડિસેમ્બર 2027 સુધીમાં વિશ્વનું ત્રીજા ક્રમાંકનું અર્થતંત્ર બનશે - ગુજરાતના ગાંધીનગરમાં 260 કરોડ રૂપિયાથી વધુના કાર્યોનું લોકાર્પણ-ખાતમુહૂર્ત કર્યું
2) વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે જણાવ્યું છે કે ભારત બ્રિક્સ શિખર સંમેલન 2026 ની અધ્યક્ષતા કરશે.
3) ઉપરાષ્ટ્રપતિએ કહ્યું છે કે, વિકસિત ભારતનું સ્વપ્ન ત્યારે જ સાકાર થઈ શકે છે જ્યારે દેશના યુવાનો નશામુક્ત, સ્વસ્થ અને પોતાના લક્ષ્યો પ્રત્યે સમર્પિત હશે
4) કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે અમેરિકાના નાણાં મંત્રી સ્કોટ બેસન્ટ સાથે એક મહત્વપૂર્ણ ખનિજ મંત્રીસ્તરીય બેઠકમાં ભાગ લીધો
5) સેનાના વડા જનરલ ઉપેન્દ્ર દ્વિવેદીએ કહ્યું કે ઓપરેશન સિંદૂર ત્રણેય સેનાઓ વચ્ચે સંયુક્ત સંકલનનું ઉત્તમ ઉદાહરણ હતું.

.......................................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો....**

# AMIT SHAH GUJARAT

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહે ભારત ડિસેમ્બર 2027 સુધીમાં વિશ્વનું ત્રીજા ક્રમાંકનું અર્થતંત્ર બનશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો. ગુજરાતમાં ગાંધીનગરના માણસા ખાતે નગરપાલિકાના 267 કરોડથી વધુના વિકાસકાર્યોના લોકાર્પણ અને ખાતમુહૂર્ત પ્રસંગે જનતાને સંબોધતા શ્રી શાહે વર્ષ 2047 સુધીમાં દરેક ક્ષેત્રમાં ભારતને ટોચના સ્થાને લઈ જવા માટેની કેન્દ્ર સરકારની નેમ વ્યક્ત કરી હતી.

**(BYTE: AMIT SHAH – HOME MINISTER)**

આ પ્રસંગે શ્રી શાહે સોમનાથ મંદિરને દેશની અસ્મિતા અને સ્વાભિમાનનું પ્રતિક ગણાવ્યું હતું. તેમણે કહ્યું, સોમનાથ મંદિરના એક હજાર વર્ષના ઇતિહાસને ઉજાગર કરવા અને સ્વાભિમાનની આ યાત્રા ભાવિ પેઢીઓ સુધી પહોંચાડવા સરકાર દ્વારા સમગ્ર વર્ષ દરમિયાન 'સોમનાથ સ્વાભિમાન પર્વ'ની ઉજવણી કરાશે. તેમણે માણસામાં નિર્માણ પામી રહેલી 11 માળની આધુનિક હૉસ્પિટલની સાથે સાથે મૅડિકલ કૉલેજ પણ શરૂ કરવાની મહત્ત્વની જાહેરાત કરી હતી.

સમગ્ર વિશ્વમાં અમદાવાદ રમતગમતનું નવું કેન્દ્ર બની રહ્યું છે તેમ જણાવતા, શ્રી શાહે ઉમેર્યું હતું કે, વર્ષ 2036ની ઑલિમ્પિક રમત અમદાવાદમાં યોજાય તે માટે સરકાર પ્રયત્નશીલ છે. તેમણે માણસામાં

નવનિર્મિત રમતગમત સંકુલનો મહત્તમ લાભ લેવા સ્થાનિક રમતવીરોને અનુરોધ કર્યો હતો.

. . . . . . . . . . . . . . . . . . . . .

## JAISHANKAR-BRICS-2026 LOGO

ભારત બ્રિક્સ શિખર સમેલન 2026 ની અધ્યક્ષતા કરશે. વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે આજે નવી દિલ્હીમાં યોજાનારી આગામી બ્રિક્સ સમિટ માટે લોગો, થીમ અને વેબસાઇટ લોન્ચ કરી.

આજે નવી દિલ્હીમાં પત્રકારો સાથે વાત કરતાં ડૉ. જયશંકરે કહ્યું કે, બ્રિક્સ આ વર્ષે ૨૦ વર્ષ પૂર્ણ કરશે, જે દરમિયાન તે ઉભરતા બજારો અને વિકાસશીલ અર્થતંત્રો વચ્ચે સહકાર માટે એક મહત્વપૂર્ણ મંચ તરીકે સતત વિકસિત થયું.

તેમણે કહ્યું કે વર્ષોથી બ્રિક્સે તેની કાર્યસૂચિ અને સભ્યપદનો વિસ્તાર કર્યો છે. તેમણે ભાર મૂક્યો કે ફોરમે બદલાતી વૈશ્વિક વાસ્તવિકતાઓનો પ્રતિભાવ આપ્યો છે જ્યારે લોકો કેન્દ્રિત વિકાસ, સંવાદને પ્રોત્સાહન અને વ્યવહારુ સહયોગને પ્રોત્સાહન આપવા પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે.

. . . . . . . . . . . . . . . . . . . . .

# VP – DRUGS

ઉપરાષ્ટ્રપતિ સી.પી. રાધાકૃષ્ણને કહ્યું છે કે, વિકસિત ભારતનું સ્વપ્ન ત્યારે જ સાકાર થઈ શકે છે જ્યારે દેશના યુવાનો નશામુક્ત, સ્વસ્થ અને પોતાના લક્ષ્યો પ્રત્યે સમર્પિત હશે.

ઉપરાષ્ટ્રપતિએ આજે દિલ્હી યુનિવર્સિટીના માદક પદાર્થ મુક્ત કેમ્પસ અભિયાનને સંબોધિત કરતાં આ મુજબ જણાવ્યું હતું. તેમણે કહ્યું કે માદક પદાર્થનું સેવન કરવું એક સામાજિક પડકાર, જાહેર આરોગ્ય ચિંતા અને દેશના વસ્તી વિષયક લાભ માટે ખતરો છે.

શ્રી રાધાકૃષ્ણને કહ્યું કે આ સમયે દરેક વ્યક્તિ માટે માદક દ્રવ્યોથી દૂર રહેવું અત્યંત મહત્વપૂર્ણ છે. તેમણે માદક દ્રવ્યનો દુરુપયોગ સામે અવાજ ઉઠાવવાની અને તેના ઉપયોગ વિશે જાગૃતિ ફેલાવવાની જરૂરિયાત પર પણ ભાર મૂક્યો.

. . . . . . . . . . . . . . . . . . . . .

# VAISHNAW - MINISTERIAL MEET

કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે વોશિંગ્ટન ડીસીમાં અમેરિકાના નાણાં મંત્રી સ્કોટ બેસન્ટ સાથે એક મહત્વપૂર્ણ ખનિજ મંત્રીસ્તરીય બેઠકમાં ભાગ

લીધો હતો. આ બેઠકનો ઉદ્દેશ દુર્લભ પૃથ્વી તત્વો અને ખનિજો માટે વૈશ્વિક પુરવઠા શૃંખલાઓને મજબૂત બનાવવાનો હતો.

બેઠકમાં ભાગ લેનારા દેશોએ તેમના અનુભવો શેર કર્યા અને પુરવઠા શૃંખલાઓને મજબૂત બનાવવા માટે લેવામાં આવતા પગલાંઓની ચર્ચા કરી. શ્રી વૈષ્ણવે દુર્લભ પૃથ્વી ધાતુઓ અને કાયમી ચુંબક જેવા ઉચ્ચ-ગુણવત્તાવાળા ખનિજોની લાંબાગાળાની ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવા માટે ખનિજ શુદ્ધિકરણ માટેની તકનીકોની ચર્ચા કરી.

શ્રી વૈષ્ણવે જણાવ્યું હતું કે મહત્વપૂર્ણ ખનિજોની ગુણવત્તા અને ઉપલબ્ધતા સુધારવાના સંદર્ભમાં આ બેઠક સકારાત્મક હતી. તેમણે ભારતના વિકસતા ઇલેક્ટ્રોનિક્સ અને ઉત્પાદન ક્ષેત્રો માટે સપ્લાય ચેઇનના મહત્વ પર ભાર મૂક્યો.

ઓસ્ટ્રેલિયા, કેનેડા, ફ્રાન્સ, જર્મની, ઇટાલી, જાપાન, મેક્સિકો, દક્ષિણ કોરિયા અને બ્રિટનના નાણા અને અર્થતંત્ર મંત્રીઓ તેમજ અમેરિકા વેપાર અને નાણાં અધિકારીઓએ પણ બેઠકમાં ભાગ લીધો હતો.

. . . . . . . . . . . . . . . . . . . . .

## GOVT - PLI AUTO

સરકારે પ્રોડક્શન-લિંક્ડ ઇન્સેન્ટિવ (PLI) ઓટો યોજના હેઠળ અત્યાર સુધીમાં તેર લાખ 61 હજારથી વધુ ઇલેક્ટ્રિક વાહનોને પ્રોત્સાહન આપ્યું છે. ભારે ઉદ્યોગ મંત્રાલયે જણાવ્યું હતું કે આ યોજના અંતર્ગત ઇલેક્ટ્રિક વાહન અને હાઇડ્રોજન ફ્યુઅલ સેલ ઘટકો પર 13થી 18 ટકા અને અન્ય અદ્યતન ઓટોમોટિવ ટેકનોલોજી ઘટકો પર 8થી 13 ટકા સુધીના પ્રોત્સાહન અપાય છે.

મંત્રાલયે જણાવ્યું હતું કે, દશ લાખથી વધુ ઇલેક્ટ્રિક દ્વિચક્રી, બે લાખથી વધુ થ્રીચક્રી, આશરે એંશી હજાર ચારચક્રી અને આશરે એક હજાર ચારસો ઇલેક્ટ્રિક બસોને પ્રોત્સાહનો પૂરા પાડવામાં આવ્યા છે. આ યોજનાને 2021માં અદ્યતન ઓટોમોટિવ ટેકનોલોજી ઉત્પાદનો માટે દેશની ઉત્પાદન ક્ષમતાઓને વધારવા, ખર્ચ અવરોધોને દૂર કરવા અને મજબૂત પુરવઠો શ્રૃંખલા બનાવવા માટે મંજૂરી આપવામાં આવી હતી.

મંત્રાલયે જણાવ્યું હતું કે PLI-ઓટો યોજના હેઠળ અત્યાર સુધીમાં કુલ 35 હજાર 657 કરોડનું રોકાણ કરવામાં આવ્યું છે અને લગભગ 49 હજાર નોકરીઓનું સર્જન થયું છે.

. . . . . . . . . . . . . . . . . . . . .

**MID BREAK- NEWS- NATIONAL**

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી YOUTUBE ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ NEWSONAIR.GOV.IN/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . .

## GERMAN-CHANCELLOR

ભારતની મુલાકાતે આવેલા જર્મન ચાન્સેલર ફ્રેડરિક મેએત્સ આજે બેંગલુરુ પહોંચ્યા છે. કર્ણાટકના મોટા અને મધ્યમ ઉદ્યોગ મંત્રી એમ.બી. પાટીલે હવાઈ મથકે તેમનું સ્વાગત કર્યું.

આઇટી સિટીની તેમની મુલાકાત દરમિયાન, શ્રી ફ્રેડરિક મેએત્સ જર્મન ટેક મેજર બોશના ભારતીય મુખ્યાલયની મુલાકાત લેશે. તેઓએ ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ સાયન્સમાં સેન્ટર ફોર નેનો સાયન્સ એન્ડ એન્જિનિયરિંગની મુલાકાત લીધી હતી.

. . . . . . . . . . . . . . . . . . . . .

## ARMY CHIEF - OPERATION SINDOOR

સેનાના વડા જનરલ ઉપેન્દ્ર દ્વિવેદીએ જણાવ્યું છે કે ઓપરેશન સિંદૂર ત્રણેય સેનાઓ વચ્ચે સંયુક્ત સંકલનનું ઉત્તમ ઉદાહરણ હતું, જે હુમલાઓનો જવાબ આપવા અને કાર્યવાહી કરવાની સંપૂર્ણ સ્વતંત્રતા પ્રદાન કરે છે.

આજે નવી દિલ્હીમાં એક પત્રકાર પરિષદને સંબોધતા જનરલ દ્વિવેદીએ જણાવ્યું હતું કે પહેલગામ આતંકવાદી હુમલા પછી નિર્ણાયક કાર્યવાહી કરવાનો સ્પષ્ટ નિર્ણય લેવામાં આવ્યો હતો. તેમણે જણાવ્યું હતું કે ઓપરેશન સિંદૂરએ ઘૂસણખોરી હુમલાઓ કરવા, આતંકવાદી માળખાને નાબૂદ કરવા અને પરમાણુ હુમલાઓના લાંબા સમયથી ચાલતા વાણી-વર્તનને સમાપ્ત કરવાના સંદર્ભમાં વ્યૂહાત્મક વિચારસરણીને બદલી નાખી હતી.

તેમણે જણાવ્યું હતું કે ગયા વર્ષે 31 આતંકવાદીઓને મારવામાં આવ્યા હતા, જેમાંથી મોટાભાગના પાકિસ્તાની મૂળના હતા.

. . . . . . . . . . . . . . . . . . . . . .

## PREZ-WISHES

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ લોહરી, મકરસંક્રાંતિ, પોંગલ અને માઘ બિહુ અવસરે દેશના નાગરિકોને શુભેચ્છાઓ પાઠવી છે. તેમના સંદેશમાં

રાષ્ટ્રપતિએ કહ્યું કે આ તહેવારો દેશની સમૃદ્ધ કૃષિ પરંપરાઓનું પ્રતીક છે અને રાષ્ટ્રીય એકતાની ભાવનાને પ્રતિબિંબિત કરે છે.

રાષ્ટ્રપતિએ કહ્યું કે આ તહેવારો દેશના ખેડૂતોની મહેનત અને સમર્પણને ઓળખવાનો અવસર છે, જેઓ દેશને અનાજ પૂરું પાડવા માટે અથાક મહેનત કરે છે. રાષ્ટ્રપતિ મુર્મુએ કહ્યું કે દેશના વિવિધ ભાગોમાં ઉજવાતા આ તહેવારો પ્રકૃતિ પ્રત્યે સામૂહિક કૃતજ્ઞતા વ્યક્ત કરે છે.

આ પ્રસંગે રાષ્ટ્રપતિએ આશા વ્યક્ત કરી કે સમાજમાં પ્રેમ અને એકતાની ભાવના વધુ મજબૂત બનશે.

. . . . . . . . . . . . . . . . . . . . . .

## PARADE PASS

સંરક્ષણ મંત્રાલયે કર્તવ્ય પથ ખાતે પ્રજાસત્તાક દિવસ 2026ની પરેડના ફુલ ડ્રેસ રિહર્સલ માટે મફત પાસની જાહેરાત કરી છે. આ પાસ આ મહિનાની 15 અને 16 તારીખથી ઉપલબ્ધ થશે અને મફતમાં બુક કરાવી શકાશે.

આ વર્ષના પ્રજાસત્તાક દિવસનું ફુલ ડ્રેસ રિહર્સલ આ મહિનાની 23 તારીખે યોજાશે. પાસ આમંત્રણ વેબસાઇટ www.aamantran.mod.gov.in અથવા આમંત્રણ મોબાઇલ એપ્લિકેશન દ્વારા બુક કરાવી શકાય છે.

. . . . . . . . . . . . . . .

## RAJNATH-MEDICAL CAMP

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે વીડિયો કોન્ફરન્સ દ્વારા લક્ષદ્વીપમાં મલ્ટી-સ્પેશિયાલિટી સંયુક્ત સેના મેડિકલ કેમ્પના ઉદ્ઘાટન સમારોહમાં સંબોધન કર્યું.

આ પ્રસંગે બોલતા સંરક્ષણ મંત્રીએ જણાવ્યું હતું કે ભારતીય નૌકાદળ દ્વારા આયોજિત આ કેમ્પ દૂરના વિસ્તારોમાં નાગરિકોને વધુ સારી આરોગ્યસંભાળ પૂરી પાડવાની સરકારની પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છે.

તેમણે કહ્યું કે વ્યાપક તપાસ, વહેલા નિદાન, સમયસર તબીબી સલાહ અને મફત દવાઓનું વિતરણ લાંબાગાળાના સ્વાસ્થ્ય લાભોમાં ફાળો આપશે.

. . . . . . . . . . . . . . . . . . . . .

## NCB-DRUG

નાર્કોટિક્સ કંટ્રોલ બ્યુરો **NCB** એ માદક પદાર્થોમાં વપરાતા રસાયણોની દાણચોરી સાથે સંકળાયેલા એક હાઇ-પ્રોફાઇલ કેસમાં મોટી સફળતા મેળવી છે. બ્યુરોનું અમદાવાદ ઝોનલ યુનિટ આ કેસની તપાસ કરી રહ્યું હતું.

ગુજરાતની એક અદાલતે ગઈકાલે સોનીપત સ્થિત આલ્પ્સ લાઇફ સાયન્સિસ પ્રાઇવેટ લિમિટેડ અને તેના ત્રણ વરિષ્ઠ અધિકારીઓને આ કેસમાં દોષિત ઠેરવ્યા હતા. તેમના પર મેથામ્ફેટામાઇનના ઉત્પાદનમાં વપરાતા મુખ્ય ઘટક સ્યુડોએફેડ્રિનની ગેરકાયદેસર રીતે દાણચોરી કરવાનો આરોપ હતો.

અદાલતે ત્રણેય આરોપીઓને દંડ સાથે સાત વર્ષની સખત કેદની સજા ફટકારી હતી. કંપનીને દંડ પણ ફટકારવામાં આવ્યો હતો.

માર્ચ 2023 માં ગુપ્ત માહિતીના આધારે બ્યુરોએ ગુજરાતના પીપાવાવ બંદર પરથી આફ્રિકામાં નિકાસ કરવા માટેનું એક કન્ટેનર જપ્ત કર્યું. તેમાં આશરે 60 લાખ ફાર્માસ્યુટિકલ કેપ્સ્યુલ્સ હતા જેમાં એફેડ્રિન અને સ્યુડોએફેડ્રિન હોવાનો દાવો કરવામાં આવ્યો હતો.

તપાસમાં જાણવા મળ્યું કે કન્ટેનરમાં ત્રણ ઉત્પાદનો આલ્પ્સિટ, કોલ્ડફિટ અને ટી-ડો. એલ્પેસિટમાં સ્યુડોએફેડ્રિન મળી આવ્યું હતું.

. . . . . . . . . . . . . . . . . . . . .